

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ન્યાય ને નગ્ન કરી નચાવી જાય છે ભ્રષ્ટાચાર!*
*કાયદો, કોળિયો કરી પચાવી જાય છે ભ્રષ્ટાચાર!*
*ગુન્હાને ગોદે લઈ બચાવી જાય છે ભ્રષ્ટાચાર!*
*સૈનિકોનું ભોજન પણ ભક્ષી જાય છે ભ્રષ્ટાચાર!*

હાઈકુ

*જતે ખેતરે,*
*મેટ્રો-બૂલેટે બેસી -*
*હવે ખેડૂતો*
*(ખેતીપ્રધાન દેશ)*

*અચ્છે દિનનાં*
*હવે બતાવે સ્વપ્નાં*
*એમોયુ દ્વારા...*
*(વર્ષોની રાહ જૂઓ)*

### ચિંતન

*ગુણો ભૂષયતે રૂપં શીલં ભૂષયતે કુલમ્ ।*
*સિદ્ધિ ર્ભૂષયતે વિદ્યાં ભોગો ભૂષયતે ધનમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્ટમેન્ટમાંથી લેવામાં આવેલ છે.

ગુણ, રૂપની, શીલ કુળની, સિદ્ધિ વિદ્યાની અને યોગ્ય ઉપભોગ ધનની શોભા વધારે છે.

ગુણથી રૂપની શોભા વધે છે. જેમ સોનામાં સુગંધ ભળે તેમ રૂપમાં ગુણ ભળે, સ્વરૂપવાન સ્ત્રી સુશીલ અને ગુણિયલ હોય તો તેની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લાગી જાય છે.

શીલ કે સારા આચરણથી સમાજમાં કુળની પ્રતિષ્ઠા વધે છે. કોઈ પણ વિષય કે વિદ્યામાં નિપુર્ણતા મેળવવી એ બહુ આંકરું છે. જો તે સિદ્ધિ મળી જાય તો વિદ્યાની શોભા વધી જાય છે. ધનનો સદુપયોગ થવાથી જ તેની શોભા વધે છે. ધાર્મિક કે સામાજિક કાર્યોમાં લક્ષ્મીનો સદુપયોગ કરવાથી તે શોભી ઊઠે છે.

વિદ્યા પ્રાપ્ત કર્યા પછી એમાં સંશોધન અને ચિંતન દ્વારા નવી શોધ કરવી એ સિદ્ધિ છે - આવાં સંશોધન એ વિદ્યાનું આભૂષણ છે.

### સુવિચાર

- આ જગતમાં સાચા માણસ કરતાં કોઈ વસ્તુ શ્રેષ્ઠ નથી - **ઝેન કથન**
- મારી એક જ સલાહ છે કે તમે જ ખુદ તમારા સ્વામી બનજો - **ફ્રેડરીક નિત્સે**
- રામ કે જમાને ભી રાવણ કા વંશ થા, કૃષ્ણ કે યુગમેં ભી મૌજુક કંશ થા,
  ઈતિહાસ મેં ઐસા સમય કભી નહિં આયા, જબ સરોવર પર બતક નહિં, કેવલ હંસ થા - **અખંડ આનંદ**
- આપણે બીજાને આરપાર જોવા માંગીએ ચીએ,
  પણ કોઈ આપણને આરપાર જોવે તે પસંદ કરતા નથી - **લા રોશે**
- એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શુદ્ધતા રામનું સ્વરૂપ છે અને દંભ રાવણનું સ્વરુપ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : નયના કોઠે બે ચમચી કાંદાનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણે હંમેશાં બીજાનું સુખ અને તેની સુવિધાઓ સાથે આપણી સરખામણી કરી દુઃખી થઈએ છીએ. વાત્સવમાં તો આપણે, આપણાથી વધારે દુઃખી-ગરીબ ને જોઈ આશ્વાસન લેવું જોઈએ. ઈશ્વરે તેની મરજીથી આપણને જે કંઈ આપ્યું છે એમાં સંતોષ અને આભાર માનવો જોઈએ.

ઈરાનના શેખ શાદ મોટા ફૂલસૂફ - ચિંતક અને સૂફી સંત થઈ ગયા.

યુવાનીમાં એકવાર એ મોચીની દુકાને બૂટ ખરીદવા ગયા - જે પસંદ પડ્યા એની કિંમત વધારે હતી એટલા પૈસા એમના પાસે ન હતા. તે ખિન્ન હૃદય દુકાનેથી ઊતરી મસ્જિદ જવા લાગ્યા. રસ્તામાં વિચાર કર્યો - ખૂદા! તેં મને આવો ગરીબ કેમ બનાવ્યો? આ તારો અન્યાય નથી?

મસ્જિદને બારણે બંને પગ લૂલો એક ભિક્ષુક ઘોડીને સહારે ઊભી ભિક્ષા માગતો હતો. શેખને કહ્યું, આખા દિવસનો ભૂખ્યો છું...!

શેખ શાદીની આંખમાં ચમક આવી મનમાં બોલ્યા - ખૂદા તારો આભાર, તેં મને બે પગ તો આપ્યા છે. પછી શેખ તેને પેલા પૈસામાંથી ભરપેટ જમાડ્યો.


# સંવેદનશીલ અભિગમ રાખવો જરૂરી

છેલ્લા કેટલાક દિવસો દરમિયાન અર્ધલશ્કરી દળોના જવાનોમાં વર્ષોથી ઘૂંટાતી ભેદભાવની લાગણી વિવિદ સ્વરૂપે વ્યક્ત થતી જોવા મળી છે. સામાન્ય રીતે સેના કે અર્ધલશ્કરી દળો પાસે ઊંચા દરજ્જાના શિસ્તપાલનની અપેક્ષા રહે છે. જવાનો એમના ઉપરની આદેશ મુજબ વર્તતા હોય છે અને ગમે તેવી પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સોંપાયેલી કામગીરી નિષ્ઠાપૂર્વક પાર પાડતા હોય છે. આટલી નિષ્ઠા અને કઠિન પરિસ્થિતિમાં દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપવાની તૈયારી સાથે સરહદો પર ચોવીસે કલાક ખડેપગે સુરક્ષા સંભાળી રહેલા જેવાનો વહીવટી તંત્ર પાસે પૌષ્ટિક આહાર અને પાયાની જરૂરિયાતોની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. દેશ આખો નિરાંતની નીંદર માણી શકે એટલા સારું આ ઝુઝારું યોદ્ધાઓ ઘર-પરિવાર છોડી સરહદોની સુરક્ષા સંભાળવાની કઠિન કામગીરી સ્વીકારતા હોય ત્યારે સરકારે તથા પ્રજાજનોએ એમને શક્ય એટલી વધુ સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત એમની સેવાઓ બદલ સંતોષકારક પગાર પર આપવો જોઈએ. આપણી સરહદોની ચોકી કરવાની જવાબદારી સરહદ સલામતી દળ (બીએસએફ) ને સોંપાયેલ છે તો વળી આવી જ વિશિષ્ટ સુરક્ષા જવાબદારી માટે કેન્દ્રીય રિઝર્વ પોલીસદળ (સીઆરપીએફ) અને સીઆઈએસએફ જેવા અર્ધલશ્કરી દળોને તૈનાત કરવામાં આવે છે. બીએસએફ સહિતનાં અર્ધલશ્કરી દળોના જવાનોને આર્મીના જવાનો કરતાં પણ વિકટ સંજોગોમાં કામ કરવું પડતું હોવા છતાં એમના પગારધોરણ તેમ જ સલવતો વચ્ચે મોટું અંતર રહેતું કહેતું હોઈ આ મુદ્દે લાંબા સમયથી અસંતોષ ઘૂંઘવાતો રહ્યો છે. આર્મી માટે 'વન રેન્ક વન પેન્શન' ની શરૂ થયેલ ચવળવ માંડ શમી છે ત્યારે અર્ધલશ્કરી દળો જો આવા જ કોઈ મુદ્દા લઈ મેદાનમાં ઊતરશે તો દેશમાં ભારે અંધાધૂંધી ફેલાશે. છેલ્લા થોડાક દિવસો દરમિયાન તેજબહાદુર નામના બીએસએફના જવાને એમને

**તંત્રીસ્થાનેથી...**

પીરસવામાં આવતા ઓછી ગુણવત્તાવાળા ભોજનનો વીડિયો જાહેર કરતાં આ ધૂંધવાટને હવા મળી છે. સીઆરપીએફના એક જવાને પણ આર્મીના જવાનોની સરખામણીમાં એમા દળ સાથે ભેદભાવ રખાતો હોવાનો વીડિયો વાઈરલ કર્યો છે. ધર્મસ્થાનો અને સંસદની સુરક્ષા કરતા આ જવાનોને આર્મીની જેમ કવોટાનો કે પેન્શનનો લાભ નહીં મળતો હોવાથી એમનામાં હીનતાગ્રંથિ તથા અંસતોષની લાગણી પ્રવર્તે છે. આટલું ઓછું હોય એમ સીઆઈએસએફના એક જવાને રજા ન મળતાં એને રોષ સાથી જવાનો પર બંદૂક ચલાવીને ઉતાર્યો છે. આ બધી ઘટનાઓ અને અર્ધલશ્કરી દળના જવાનોની હરકતો ખૂબ જ ગંભીર ચેતવણી સમાન છે. સીઆરપીએફ અને સીઆઈએસએફ વીઆઈપી સુરક્ષા તથા એરપોર્ટોની સુરક્ષા પણ સંભાળે છે. જો એકાદ જવાનના મગજમાં અસંતોષની ચિનગારી પ્રગટે તો એ શું નું શું કરી બેસે, તેનું ઉદાહરણ સૌની નજર સામે છે. પોતાના સાથી જવાનો પર ગોળીઓ ચલાવનાર જવાબ વીવીઆઈપી કે એરપોર્ટના મુસાફરો પર પણ એવી જ રીતે ગોળીઓ નહીં વરસાવે એની શી ખાતરી? તેથી સરકારે વેળાસર અર્ધલશ્કરી દળોમાં પ્રવર્તમાન અંસતોષની લાગણી દૂર કરવાનાં પગલાં ભરવાં જોઈએ તથા એમનું મનોબળ ટકી રહે એવું સંવેદનશીલ વાતાવરણ સર્જવું જોઈએ. ભોજન જેવી પાયાની જરૂરિયાતમાં પણ જો અન્યાય થતો રહેશે તો કયારેક અત્યારે પ્રગટ થયેલો અસંતોષ વિસ્ફોટક સ્વરુપ ધારણ કરશે, તે સમજી લેવાની જરૂર છે. જવાનોને લુખ્ખાં લાડ લડાવવવાથી કે સરહદ પર એમની સેલ્ફી લેવાથી એમના પ્રશ્નો ઊકલી જવાના નથી. એમના પ્રશ્નો પરત્વે સંવેદનશીલ અભિગમ અપનાવી આર્મીના જવાનો જેટલી જ સુવિધાઓ અર્ધલશ્કરી દળોના જવાનોને પણ ઉપલબ્દ થાય, એમની જેમ જ બીજા પેન્શન સહિતના લાભો પણ મળે તે જરૂરી છે. અત્યાર સુધી મૂંગે મોઢે અગવડતાઓ સહન કરી રહેલા 'જવાનો જયારે શિસ્તપાલનની લક્ષ્મણરેકા ઓળંગવા માંડ્યા છે ત્યારે સરકારે પણ ચેતી જવાની અને અસંતોષનો સમયસર કારગત ઈલાજ કરવાની જરૂર છે.'

# એવા સંતની બલિહારી રે...




એ વિશ્વપુરુષનું જન્મસ્થાન, વડોદરા જિલ્લાના પાદરા તાલુકાનું ચાણસદ ગામ. પિતા મોતીભાઈ, માતા દિવાળી બા, ખેતી અને પ્રભુભક્તિ સિવાય આ પરિવારને જીવનનું બીજુ કોઈ વિશિષ્ટ પાસું નહોતું. માગશર સુદ ૮, સંવત ૧૯૭૮, તા. ૭-૧૨-૧૯૨૧ના રોજ પંચાયતના ચોરાની સામેની ઢાળવાળી ગલીમાં ડાબા હાથે આવેલા પહેલા ઘરનાં એ મહાપુરુષનો જન્મ.

તા. ૨૨-૧૧-૧૯૩૯ ના રજ અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોર વયના ભકતરાજ શાંતિલાલને માર્ષદની પ્રાથમિક દીક્ષા આપી. સને ૧૯૫૦ માં શાસ્ત્રીજી મહારાજે દીર્ઘદષ્ટિથી સ્થાપેલી વિકસતી ધર્મસંસ્થા-અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓને નિયુકત કર્યા, ત્યારે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે આ નાના સરખા સાધુ પોતાના તપોબળે જીગતભરની આધ્યાત્મિક પ્રતિભાવોમાં પણ પ્રમુખ ઠરશે.

વિખ્યાત ધારાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી નાની પાલખીવાળાએ તો ત્યાં સુધી લખ્યું છે કે "અક્ષર પુરુષોત્તમ સંસ્થાએ જે સિધ્ધિઓ હાંસલ કરી છે, તેને કલમમાં ઉતારવાનું કામ મુશ્કેલ છે."

બ્રિટીશ પાર્લામેન્ટ કે કેનેડા પાર્લામેન્ટમાં થયેલા તેમના શાનદાર સન્માનસમારંભો, અમેરિકામાં અનેક શહેરોએ તેમને 'કી ટુ ધ સિટી' નાં અર્પેલા સન્માનો, અમેરિકામાં કેટલાંય રાજયોમાં માનદ નાગરિકત્વ તથા 'પ્રમુખ સ્વામી દિન' જાહેર કરીને તેમને અપાયેલાં વિશિષ્ટ બહુમાનો વગેરેની સુદીર્ઘ યાદી એમની વૈશ્વિક પ્રતિભાનું દર્શન કરાવે છે.

૧૯૮૫માં શરીરમાં તાવ હતો એવી પરિસ્થિતિમાં કાનમમાં એમણે ૨૦ દિવસમાં પંચાણુ ગામોમાં વિચરણ કર્યું. ૧૦૨ડિગ્રી તાવમાં પણ સવારથી બપોરના સાડાત્રણ વાગ્યા સુધી અણથક રહીને ૧૨૧ પધરામણીઓ કરી હતી.

એક ગણતરી મુજબ દસ લાખ કરતાંય વધુ પત્રો દ્વારા સ્વામીશ્રીએ લોકોને દ્વિધામાંથી ઉકેલ આપ્યા છે. સલાહ, સૂચન અને માર્ગદર્શન આપ્યાં છે.

કર્ણાટકના આદિ ચુનચુનગિરિ મઠનજા પ્રસિધ્ધ સંત સ્વામી બાલ ગંગાધરનાથજીએ બેંગલોર ખાતે પધારેલા પ્રમુખસ્વામીમહારાજને તા. ૧૯-૯૮-૨૦૦૬ કના રો કહયું હતું કે "જગતમાં આજ એક એવું ઉદાહણ છો કે જેઓએ આટલા બધાં મંદિરો બાંધ્યાં હોય." ગીતામાં કહયું છે- "આત્મવત સર્વભૂતેષુ યઃ સ પશ્યતિ!" આપ એ કરી રહયાં છો. "આપનાં દર્શન કરું છું, ત્યારે સાક્ષાત ભગવાનનાં દર્શન થતાં હોય તેવું અનુભવું છું."




૧૯૭૭માં લંડનમાં પ્રસિધ્ધ વેમ્બાલી કોન્ફરન્સ હોલમાં એક પત્રકાર પરિષદમાં સ્વામીશ્રીને પ્રશ્ન પુછાયો : "આપના જીવનમાં ભગવાનનો અનુભવ કયારથી થયો ?" સ્વામીશ્રીએ કહયું, "જયારથી અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ મળ્યા, તેમના વિશે આત્મબુધ્ધિ થઈ ત્યારથી અનુભવ થયો."

(વધુ આવતા અંકે)

મિસરી
"એવા જે જ્ઞાની છે
તે જ ગુરુ છે
અને શ્રીહરિ છે."

-(શ્રીમદ્ ભગવદ્ગીતા) ૪-૨૯-૫૧

- santoshdevkar03@gmail.com

# ગુંદરપટ્ટી લગાવેલ પતંગ અને સંબંધ બંને હવામાં સીધા નથી રહેતા

ફાટ્યા અને તૂટ્યા સંબંધોને થીંગડા લગાવો
તો મન કયાં સુધી ચાલે?
એક વાર મન માંહે પડતી તિરાડ પછી
આપમેળે લંબાતી ચાલે
અણિયાળા શબ્દોના આછેરા સ્પર્શથી
તૂટે જયાં લાગણીના માળા
ઊખડી પડે રે પછી વ્હાલના પોપડા
ભીતર જુઓ તો અગનજવાળા
હાલતી હવેલીને કયાંથી બચાવો
જયાં મૂળમાંથી પાયાઓ હાલે... ફાટ્યા ને તૂટ્યાં...
પાસે પાસે તો હવે રહેવાના ડોળ ફક્ત
મન તો છેટાં અને ખૂબ આધાં
કાંકરીભાર નહીં ખમતા સંબધ હવે
પહેરે છે કાચના જ વાઘા
તૂટ્યા ને ફુટ્યા સંબંધોનો કાટમાળ
લટકે પાંપણની દીવાલે... ફાટ્યા ને તૂટ્યાં...

- મુકેશ જોષી

ઉત્તરાયણના બે દિવસ દરમિયાન ફાટેલા પતંગને ગુંદરપટ્ટી ચોટાડતા-ચોટાડતા કવિની આ કવિતા યાદ આવી ગઈ...

કાગળનો પાંચ રૂપિયાનો પતંગ પણ એકવાર ગુંદરપટ્ટી લગાડ્યા પછી હવામાં પહેલાં જેવી સ્થિરતા પ્રાપ્ત કરી શકતો નથી... તો પછી સંબંધોના ઘરચોળામાં કયાં સુધી રફુ કરાવીને આપણે ચાલી શકીએ?

ઉપરના કવિતાના એક એક શબ્દ આપણે કયારેક ને કયારેક અનુભવ્યા છે... હમણાં કમૂર્તા પહેલા લગ્નની સિઝન પૂરી થઈ અને વળી પાછા ૧૫મી જાન્યુઆરી પછી ફરી ચાલુ થઈ જશે...

લગ્ન પ્રસંગે સગાઓને બોલાવવાનું લિસ્ટ બનાવવાથી માંડીને એક વ્યક્તિ / બે વ્યક્તિ / સહપરિવાર આવા વિભાગમાંથી શેના પર ટીકમાર્ક કરવું ત્યાં સુધી દરેક કસરત કરતી વખતે આપણે કયા ધારાધોરણ અપનાવતા હોઈએ છીએ! પહેલા તો આપણા નજીકના સગાઓ (અહીં નજીકના લખતી વખતે બાય ડીફોસ્ટ કાકા, મામા, ફુઈ, ફુઆની વાત છે... જે મોટાભાગે એટલા નજીકના હોતા નથી.) જયાં ફરજીયાત સહપરિવાર જ લખવાનો હોય છે...

પછી નંબર આવે મિત્રોનો આત્મીય મિત્રોનો... કે જેઓને ખરેખર આમંત્રણ પત્રિકારૂપી શિષ્ટાચારની જરૂર પણ નથી, તેવા મિત્રો.... ને હરખભેર સહપરિવાર આપણે બોલાવીશું.

પછી નંબર આવે વ્યવહારું સંબંધોનો કે જેને જાળવવા જરૂરી છે, તે માટે શિષ્ટાચાર ખાતર અને 'ન આપીએ તો કેવું લાગે...!' વાળા વિચાર માત્રથી આપણ વડીલોના દબાણ વશ અથવા આપણા વ્યવહારું મનના દબાણવશ આપણે આ પત્રિકા આપીએ છીએ...

આપણામાંના દરેક વ્યક્તિ આ પ્રકારની દુવિધા પ્રસંગોપાત અનુભવતો હશે... આ બધી વાત તો ઉપરછલ્લી રીતે પ્રસંગ આટોપતી વખતે થતી વિડંબનાઓની છે... પરંતુ વાત અહીં એવા સંબંધોની છે, જેના મસ્ત સુંદર સનમાઈકા પાછળનું પ્લાયવુડ કોહવાઈ ગયું છે, સુંદર રેશમી જાજમની નીચે ઉબડખાબડ રસ્તાઓ ઢાંકી દેવામાં આવ્યા છે... એક બીજા સાથે જોર જોરથી ભેટવા - હસવા હાથ મિલાવવાની પાછળ એક મોટી મૌનની સૂન્યતા છુપાયેલી પડી છે...

ખૂબ જ ઉકાળ્યા પછી તૈયાર થતો દૂધપાક તેની ઉપર નાંખેલા કાજુ બદામ વગેરે ડ્રાયફ્રુટથી શોભતો થાળ, તેમાં માત્ર લીંબુનું એક જ ટીપું પડે એટલે એ ટપકું પોતાનું પ્રોત પ્રકાશે છે... તેવી જ રીતે નાજુક અને નમણા સંબંધોને માત્ર એક-બે અનૌચિત્ય પ્રસંગની કે કવેણની જ રાહ હોય છે... અને બસ પછી એ સંબંધ તૂટી જાય છે... ત્યારબાદ વારંવાર વારે-તહેવારો, પ્રસંગોમાં આવા So Called સંબંધ માત્ર સ્મિતના અને દંભના વાઘા પહેરીને મળે છે... પરંતુ હળવા નથી... આપણે ત્યાં શબ્દ પ્રયોગ છે... 'હળે-મળે છે...' મળવું માત્ર શિષ્ટાચાર છે... પરંતુ 'હળવું' એ હૃદયની સરવાણીની વાત છે...




લગ્ન પ્રસંગ અથવા બીજા કોઈ સામાજિક પ્રસંગે મળવું એ પછી માત્ર 'સંભળાવી દેવાનું' પ્લેટફોર્મ બની રહે છે.... દસ-બાર સગાઓ સૂપ પીતા પીતા વાત કરતા હોય ત્યારે અકોણા અને અણિયાળા શબ્દોના તીર છૂટતા જાય છે... જાણે રણ મેદાનમાં બે દળ એકબીજા પર વાર કરતા જતા હોય અને ઘાયલ કરે રાખતા હોય.... હસતા હસતા મુખ પર મીંઢાપણાની લાલી લાવી દઈને ટોન્ટ મારતા મારતા 'હોટ એન્ડ સોર' સુપને વધુ તીખો અને ગરમ અને ગરમ બનાવતા હોય છે... અને પછી માત્ર મોકા શોધવામાં આવે છે કે, કયારેક ચાન્સ મળે અને મારા ભાતામાં રહેલું શબ્દરૂપી વેધક તીર હું મારી દઉં.

ફેમિલી ફંકશનમાં ખૂબ પ્રગાઢ પૂર્વક સાથે સાથે રહીને ગ્રુપ ફોટા પડાવીને તરત FB પર અપલોડ કરીને ટૅગ લાઈન મુકીશું... Family get to gether....

('GET TO GETHER' ?) કયાં એંગલથી? માત્ર વ્હોટસ એપ પર સવાર સાંજ 'ગુડ મોર્નિંગ' કે 'ગુડ નાઈટ' કે 'સ્માઈલી' મૂકવાના શિષ્ટાચારીયા સંબંધ રહે છે...

આપણે ત્યાં પ્રસંગ 'શોભાવવા' માટે જ નજરે પડતા અથવા કયારેક તો 'શોભના ગાંઠીયા' બની રહેવા પર હાજર ન રહેતા સંબંધોને ઘણીવાર આપણે ઈસુના ક્રોસની જેમ ખેંચતા રહેવા પડે છે... કોઈ છૂટકો નથી... જોડે જોડે રહેવાનો ડોળ જ કરવાનો બાકી મનથી તો જોજનો દૂર હોઈએ છીએ...

આવા નિભાવવા પડતા સંબંધ અને સગાઓનો ભાર આપણે વેંઢારવો પડે છે... અને આવા સંબંધ માત્ર 'તમે' કેટલું જતું કરો છો, તેના પર જ ટકતા હોય છે... 'ઘસાઈ જવું' એ સિદ્ધાંત ફક્ત એક તરફી બની રહે છે...

કો'ક આ વાસ્તવિકતા સ્વીકારે છે, તો વળી ઘણા આંખ આડા કાન કરીને બસ... ચાલે રાખે છે... કંકોત્રી લખવા માટે જે સંબંધીઓનું મસમોટું લીસ્ટ આપણી સામે પડ્યું હોય છે, તે જ લીસ્ટ અણધાર્યા અકસ્માત પછી હોસ્પિટલના બિછાને પડેલા સ્વજનના ઓપરેશનના ખર્ચની વાત કરવા કામે નથી લાગતું...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ઈમાનદારી કે પ્રામાણિકતા એ બોલવાની નહિ જીવવાની અનુભૂતિ છે

'અરે આકાશમાં ઉડતા પતંગો ને છોડ, સામે જો કોઈના ગળાને પતંગની દોરીએ લોહી કાઢ્યું છે' અમૃતે એના મિત્ર અશ્વિનને કહ્યું... અરે બંનેએ મદદ કરવા દોટ મુકી એક સ્કુટર તરફ જેનો સવાર ૨૨-૨૩ વર્ષનો યુવાન હતપ્રભ થઈ ગયો હતો.

પતંગોતસ્વ આનંદ અને ઉલ્લાસની સાથે સાથે પક્ષીઓ અને માનવોને પતંગની દોરીથી થતી ઈજાઓના કારણે કોઈકના માટે દુઃખદ પણ બની રહે છે. આ વાત આવી જ ઘટનાની છે જેમાં સહેરના બે યુવાનોએ દાખવેલી સમયસૂચકતા અને ઈમાનદારી શાબાશી આપવાને પાત્ર બની છે.

હર્ષ ઓઝા અમદાવાદમાં ઈવેન્ટ મેનેજમેન્ટ અને ફોટોગ્રાફી તથા વીડિયોગ્રાફીનું કામ કરે છે. ઉત્સાહથી ભર્યો ભર્યો છે આ યુવાન અને એણે ખુબ મહેનત કરીને નાની ઉંમરે પોતાના કામમાં વિશ્વસનીયતા ઊભી કરી છે. આ ઉપરાંત એના મિત્રો સાથે એ માનવતાની પ્રવૃત્તિઓમાં ગરીબોના - શ્રમિકોના બાળકોના ચહેરા ઉપર હાસ્ય લાવવામાં - તેમને મદદરૂપ થવામાં સતત પરોપકારના કામમાં પણ બીઝી રહેતો હોય છે.

ઉત્તરાયણનો દિવસ ભરપૂર આનંદ-ઉત્સાહ અને ઉલ્લાસ સાથે શરૂ થયો હતો. ચારે દિશામાં લોકો ધાબાઓ પર પતંગો ચગાવવામાં - ગીતો સાંભળવામાં અને ચીકી - શેરડી ખાવામાં મશગુલ હતા. રસ્તાઓ પર પસાર થતા લોકો પણ પતંગોની દોરીથી બચીને ચાલતા હતા. શ્રમિક છોકરાઓ પતંગ પકડવા આમ તેમ માર્ગો પર દોડાદોડી કરે ત્યારે વાહન ચાલકો ગભરાઈ જતા હતા... આમ પતંગોત્સવ પૂરબહારમા ખીલ્યો હતો.

આવનારા દિવસોમાં આવી રહેલી કોઈ એક ઈવેન્ટ માટે જ તે આયોજકને ડેમો બતાવવા - ચર્ચા કરવા હર્ષ ઘરેથી નીકળ્યો હતો. એને પણ પતંગ ઉડાવવાનો બહુ શોખ - પરંતુ એની સાથે સાથે પોતાન ા કામ માટે પણ એ સતત જાગૃત અને એટલે જ એણે નક્કી કર્યું હતું કે બપોર સુધીમાં એક - બે કલાયન્ટ જોડેની મિટીંગ પૂરી કરીને પતંગો ઉડાવશે. એણે આ માટેની વાત પણ એના પારિવારિક સ્વજનો ફાલ્ગુની - આશુતોષ તથા મિત્રો સાથે કરી હતી. પોતાની મિટીંગ પતાવીને મમ્મી હિમાલી તથા પપ્પા હર્ષેન્દુને કહ્યું કે હું થોડીવારમાં પહોંચીશ તમે જમતા થજો... ઉસ્માનપુરા રીવરફ્રન્ટ પાર્ક પાસેથી એ પસાર થઈ રહ્યો હતો. અચાનક એના ધ્યાન બહાર કયાંકથી પતંગની દોરી આવી. એકટીવા પર જઈ રહેલો હર્ષ કાંઈ સમજે એ પહેલાં જ દોરી તેના ગળામાં અટવાઈ ગઈ. એના ગળા પર ધારદાર ઈજાઓ થઈ લોહી વહેવા માંડ્યુ. એ પટકાયો. આ દશ્ય જોયું ત્યાંથી પસાર થઈ રેલા, બે યુવાન મિત્રો અશ્વિન મકવાણા અને અમૃત પરમારે... બંનેને સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. તુરંત બંને રસ્તો ક્રોસ કરીને દોડ્યા હર્ષ પાસે... અને બેઠો કર્યો - લેપટોપ બેગ - પર્સ વગેરે સ્કુટર સાથે એકબીજા મુક્યા. જોયું કે ગળામાંથી લોહીની ધાર વહે છે. પોતાના હાથ રૂમાલ ગળે બાંધ્યા.... ફેર ન પડ્યો તો એમણે પહેરેલું શર્ટ કાઢી નાખ્યું અને વીંટો વાળીને ગળે બાંધ્યું.. તાત્કાલિક ૧૦૮ને ફોન કર્યો.... પરંતુત્યાંથી જવાબ મળ્યો કે ૧૫ મિનિટ થશે... કરવું શું? સમય બગાડવો પાલવે એમ નહતો. ક્ષણાર્ધમાં યુવાનોએ નિર્ણય લીધો...

અને ટ્રાફિકને વીંધીને તાત્કાલિક પહોંચ્યા વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ. તાત્કાલિક સારવાર વિભાગમાં હર્ષની સારવાર શરુ થઈ.... હર્ષના મોબાઈલમાંતી લાસ્ટ કોલના આધારે સંપર્કો મળ્યા અને એના પપ્પાને જાણ થઈ કે દીકરાને અકસ્માત થયો છે. તેઓ તાત્કાલિક પહોંચ્યા... એમના પારિવારિક મિત્ર ચિરાગ પંચાલ આવી પહોંચ્યા... અન્ય મિત્રો પણ પહોંચી ગયા મદદ માટે... કોઈએ ફોનથી સપોર્ટ કર્યો તો કોઈ રૂબરૂ પહોંચ્યા. સારવાર શરૂ થઈ... ૪૦ ટાંકા આવ્યા... સંપૂર્ણપણે જોખમમાંતી મુક્ત થયો. દરમિયાન પેલા બે મિત્રો જેમને મદદ કરી હતી. અહીં પહોંચાડયો હતો વર્ષને તેઓ અહીં ફરી આવ્યા - અમૃત અને અશ્વિને હર્ષના એકટીવાની ચાવી આપી - હોસ્પિટલમાં કયાં પાર્ક કર્યું છે તે કહ્યું - એનું લેપટોપ અને સાથેની વસ્તુઓ - મોબાઈલ - વૉલેટ બધ્ધેબધ્ધું જે હતું એ હાલતમાં એમના પપ્પાને સોંપ્યું - હર્ષેન્દુએ એમનો આભર માન્યો તો પણ કહે કે 'આ તો માનવતાનું કામ હતું એમાં આભાર શેનો?' આમ આ બે યુવાનોએ દાખવેલી સમયસૂચકતા અને તેમની ઈમાનદારીના કારણે હર્ષના પરિવારમાં મિત્રોમાં - સમાજમાં એમને વિશેષ શાબાશી મળી અને લોકોએ તેમના કામની સરાહના કરી.




છેલ્લા કેટલાક વર્ષોથી પતંગ પર્વ દરમિયાન સ્કુટર ચાલકોના ગળા કપાવાથી મૃત્યુ થવાના કે ઈજા થવાના પ્રસંગો બનતા રહ્યા છે આ માટે વિશેષ કાળજી લેવા - એ દિશામાં જરૂરી સાધનો વાપરવા - જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. એ છતાં આવી ઘટના બને ત્યારે આસપાસમાં એ ક્ષણે રહેલા લોકોની માનસિકતા - તત્કાસ કાર્ય કરવાની - નિર્ણય લેવાની ક્ષમતા અને દર્દીને તુરંત યોગ્ય સારવાર મળે તે માટેની વ્યવસ્થા તથા હોસ્પિટલમાં મળેલી તાત્કાલિક સારવાર સૌથી મહત્ત્વનો ભાગ દર્દીને બચાવવામાં બની રહે છે. અહીં બે શ્રમિક યુવાનોએ દાખવેલી સમયસૂચકતા ધન્યવાદને પાત્ર છે.

બીજી વાત એમણે સરળતાથી સાહજીકપણે બતાવેલી પ્રામાણિકતા અને ઈમાનદારી છે. ઘાયલ યુવાનની તમામ વસ્તુઓ એના પરિવારને આ યુવાનોએ ગણી ગણીને આપી દીધી એ વાત પણ માણસમાં જીવંત પ્રમાણિકતાના ગુણોના દર્શન કરાવે છે.

પ્રામાણિકતા અને ઈમાનદારીના ગુણો કોઈ સ્કૂલમાં - પુસ્તકમાં નથી શીખવા મળતા - એ સહજપણે સંસ્કાર રૂપે માણસના જીવનમાં સ્થાન લે છે અને સમયે સમયે આ ગુણો એના વ્યક્તિત્વમાંથી પ્રગટ થાય છે. ઈમાનદારી કે પ્રામાણિકતા એ બોલવાની નહિ જીવવાની અનુભૂતિ છે અને જયારે જયારે આવા પ્રામાણિકતાના કિસ્સા જોઈએ - સાંભળીએ ત્યારે માણસાઈના દીવડા ઝળહળે છે અને અજવાળા રેલાય છે.

તેજપુંજ :

***Honesty is the first chapter in the book of wisdom***

***- Thomas Jefferson***